ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનીટ્સ–૨/ ૨૦૨૪/૧૦૨૬

તા:–૨૨/૦૪/૨૦૨૪ ૨૩

પ્રતિશ્રી,

તમામ સભ્યશ્રીઓ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનીટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૦/૦૪/૨૦૨૪ ગુરૂવારના રોજ ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનીટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– મિટીગની મીનીટ્સ

નકલ રવાના :–

૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા.૨૦/૦૪/૨૦૨૪ ગુરૂવારના રોજ ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીંગની મિનીટ્સ નોંધ

આજ રોજ તા.૨૦/૦૪/૨૦૨૪ ના ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની પ્રથમ મિટીંગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહન પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજયુકેશન<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>...............................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | ખાલી<br>...............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>...............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ખાલી<br>...............................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૬. | ખાલી<br>...............................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠક્કર<br>ડાયરેકટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૧૮. | ડૉ. અનિલ ગોર<br>કલસચિવ | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૭/૦૩/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત..

**ઠરાવ :૧ ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૭/૦૩/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ નોંધ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૨. ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પ્રવેશ પ્રક્રિયા માટે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ પ્રવેશના નિયમો બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૨ **ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પ્રવેશ પ્રક્રિયા અનુસંધાને બનાવવામાં આવેલ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના પ્રવેશના નિયમોને પુખ્ત ચર્ચાના અંતે મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**વધુમાં આ પ્રવેશના નિયમો કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ કરવામાં આવે અને દરેક હેલ્પ સેન્ટરો દ્વારા આ પ્રવેશના નિયમો મુજબ કાર્યવાહિ થાય તેવું ઠરાવવામાં આવ્યુ.**

૩. Non NEP\ CBCS pattern માંથી NEP pattern માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતેની માર્ગદર્શિકા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૩ **Non NEP\ CBCS pattern માંથી NEP pattern માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતે તૈયાર કરવામાં આવેલ માર્ગદર્શિકા સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યુ. આ સંદર્ભે થયેલ પરિપત્રની અમલવારીમાં જો કોઈ મુશ્કેલી કે પ્રશ્ન ઉપસ્થિત થાય તો સંબંધિત ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય મેળવ્યા બાદ આગળની કાર્યવાહિ/ પ્રક્રિયા હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે અનુસ્નાતક કક્ષાએ હિન્દી વિષય શરૂ કરવા બાબતે વિદ્યાર્થીઓની આવેલ અરજી સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૪ **વિદ્યાર્થીઓની આવેલ અરજી તથા હિન્દી વિષય સ્નાતક કક્ષાએ ચાલતો હોઈ વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવાની તક મળી રહે તે આશયથી વર્ષ –૨૦૨૪–૨૫ થી સ્વનિર્ભર ધોરણે અનુસ્નાતક કક્ષાએ હિન્દી વિષય યુનિવર્સિટી કેમ્પસ ખાતે શરૂ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૫. કચ્છ યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજમાં અન્ય યુનિવર્સિટીના જોડાણ સાથે કોર્ષ ચલાવવા માટે અત્રેથી એન.ઓ.સી. આપવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૫ **કચ્છ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં ન આવતા હોય તેવા અભ્યાસક્રમો ચલાવવા સંબંધે કચ્છ જિલ્લાની કોઈ સંસ્થા કચ્છમાં અન્ય યુનિવર્સિટીનું જોડાણ મેળવવા માંગે તો એન.ઓ.સી. આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**પરંતુ જે અભ્યાસક્રમો કચ્છ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા હોય અથવા શરૂ કરી શકાય તેમ હોય તે અભ્યાસક્રમો સંબંધિ અન્ય યુનિવર્સિટીના જોડાણ માટે એન.ઓ.સી. આપવી નહી તેવો નિર્ણય લેવામાં આવ્યો.**

૬. પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા, અધ્યક્ષશ્રી–એજયુકેશન વિભાગ, કચ્છ યુનિવર્સિટીની તા.૨૧/૦૩/૨૦૨૩ વાળી અરજીથી વિદેશ (કેનેડા) પ્રવાસ પર જવાની મંજૂરી માંગેલ છે જે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૬ **પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા, અધ્યક્ષશ્રી–એજયુકેશન વિભાગની વિદેશ જવાની અરજી અન્વયે વિદેશ પ્રવાસે સ્વખર્ચે વેકેશન દરમ્યાન જવાની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ તેઓશ્રીએ ખુલતા વેકેશને હાજર થઈ જવાનું રહેશે તે રીતે વિદેશ (કેનેડા) પ્રવાસ કરવાની મંજૂરી સર્વાનુમતે આપવાનું ઠરાવવામાં આવે છે.**

૭. યુનિવર્સિટી મારફતે લેવાતી વિવિધ પરીક્ષાઓના મહેનતાણાંના દરો નકકી કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ :૭ યુનિવર્સિટી મારફતે લેવાતી વિવિધ પરીક્ષાઓના રજૂ કરવામાં આવેલ મહેનતાણાંના દરો મંજૂર કરવામાં આવ્યા અને મહેનતાણાંના દરોની (Scale of Remuneration- Exam) અમલવારી નવા શૈક્ષણિક સત્ર એટલે કે, જૂન–૨૦૨૪ની અસરથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની જોડાણ ફી/ વર્ગ વધારો/ વિષય વધારો/ કોર્ષ વગેરેની ફીના ધોરણો નકકી કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ :૮ જુદી જુદી યુનિવર્સિટીઓમાં ચાલતાં કાઉન્સિલ તથા નોન કાઉન્સિલ અભ્યાસક્રમોની હાલમાં પ્રવર્તમાન કોલેજ જોડાણ ફી નો અભ્યાસકર્યા બાદ આ સાથે સામેલ રાખ્યાનુસાર મુજબ કચ્છ યુનિવર્સિટી સંલગ્ન નવી કોલેજોની તથા ચાલુ જોડાણ ધરાવતી કોલેજોની જોડાણ ફી/ વર્ગ વધારો/ વિષય વધારો/ કોર્ષ વગેરેની જોડાણ ફી માં વધારો મંજૂર કરવામાં આવે છે. આ વધારો શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ થી લાગુ પાડવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**વધુમાં જણાવવાનું કે, જે સંસ્થાઓએ કચ્છ યુનિવર્સિટી એકટ–૨૦૦૩ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે જોડાણ ની અરજી કચ્છ યુનિવર્સિટીમાં કરેલ છે તેમને પણ નવા પરિપત્ર અનુસાર જોડાણ ફી ભરવાની રહેશે.**

૯. માનનીય કુલપતિશ્રીની ગાંધીનગર ખાતે મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ તથા કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ સાથે થયેલ ચર્ચા બાબતે.

**ઠરાવ :૯ યુનિવર્સિટીના વિકાસ સંદર્ભે થયેલ ચર્ચાની વિસ્તૃત માહિતી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓને આપવામાં આવી.**

૧૦. એકક્ષર્ટનલ કોર્ષ અંગે કે.સી.જી., અમદાવાદમાં થયેલ ચર્ચા બાબતે.

**ઠરાવ :૧૦ કચ્છ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને રાખતા જિલ્લાના જુદા–જુદા વિસ્તારોમાં કચ્છ યુનિવર્સિટીના એકસ્ટેન્શન સેન્ટરો શરૂ કરવા બાબતે પુખ્ત ચર્ચા–વિચારણાના અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવ્યો.**

**કચ્છ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લઈ યુનિવર્સિટી જુદા–જુદા વિસ્તારોમાં કચ્છ યુનિવર્સિટીના એકસ્ટેન્શન સેન્ટરો શરૂ કરી શકશે અને ઓપન યુનિવર્સિટીની તરેહ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તથા શનિવાર– રવિવાર અથવા અનૂકુળતાના સમય મુજબ વર્ગો પણજે–તે સ્થળે ગોઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૧. પરીક્ષા વિભાગમાં ધરમૂળથી ફેરફાર કરી સ્થાનિક લેવલે પેપર, માર્કશીટ, ઉત્તરવહિ, પૂરવણી સ્થાનિકે પ્રિન્ટીગ કરાવવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ :૧૧ પરીક્ષા વિભાગમાં આવક અને ખર્ચના હિસાબો ચકાસતાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂરિયાત જણાય છે જે અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી ઈન હાઉસ પ્રિન્ટીગ/પ્રેસ (in house**

**printing \ press) યુનિવર્સિટી ખાતે જ ઉભી કરી પેપર, માર્કશીટ તેમજ ડિગ્રીનું પ્રિન્ટીગ યુનિવર્સિટીની ઈન હાઉસ પ્રિન્ટીગ/પ્રેસમાં થાય તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. તેમજ પાયલટ પ્રોજેકટ તરીકે તા.૨૩/૦૪/૨૦૨૪ થી શરૂ થતી પરીક્ષા માટે ઈન હાઉસ પ્રિન્ટીગ પ્રેસમાં પ્રશ્નપ્રત્રો છપાવવા તેમજ યોગ્ય ગોપનીયતા સાથે કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રિયાને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

૧૨. યુનિવર્સિટીના વિભાગોમાં કર્મચારીઓની આંતરિક બદલી, વિભાગીકરણ તથા ભવનો (ભાષા ભવન, રસાયણશાસ્ત્ર ભવન) બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ :૧૨ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા વહિવટી કર્મચારીઓની જુદા–જુદા વિભાગોમાં આંતરિક બદલી તા.૧૫/૦૪/૨૦૨૪ વાળા કાર્યાલય આદેશથી થઈ ગયેલ છે.**

**ભવનો માટે નીચે મુજબની વ્યવસ્થાઓ નકકી કરવામાં આવી.**

- **સેન્ટર ઓફ એકસેલન્સનું બિલ્ડીગ તૌયાર થઈ જતાં નવા શૈક્ષણિક વર્ષથી કેમેસ્ટ્રી વિભાગને ત્યાં સ્થળાંતરીત કરવામાં આવશે.**
- **સાયકોલોજી/ સોસીયોલોજી/ હિસ્ટ્રી / એમ.એસ.ડબલ્યુ/ લાં વિભાગને નવા શૈક્ષણિક વર્ષથી બ્લોક–બી ખાતે સ્થળાંતરીત કરવામાં આવશે.**
- **ગુજરાતી/ અંગ્રેજી/ સંસ્કૃત/ હિન્દી વિભાગોને (ભાષા ભવન) નવા શૈક્ષણિક વર્ષથી બ્લોક–ઈ ખાતે સ્થળાંતરીત કરવામાં આવશે.**
- **બ્લોક–ડી માં યુનિવર્સિટી મંજૂર/ નકકી કરે તે તમામ પ્રકારના વોકેશનલ કોર્ષ તથા સ્કિલ કોર્ષ શરૂ કરવામાં આવશે.**

૧૩. વાત્સલ્ય એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આર્યા નર્સિગ કોલેજ,સર્વે નં. ૧૭૯, પ્લોટ નં. – ૫૫/૫૬, અંબિકા ટાઉનશીપ, મેઘપર – બોરીચી, તા. અંજાર – કચ્છ સૂચિત અભ્યાસક્રમ બી.એસસી – નર્સિગ અને પોસ્ટ બેઝીક નર્સિગના અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી શરૂ કરવા અત્રે અરજી મળેલ છે. ઉપરોકત બન્ને અભ્યાસક્રમની અરજીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી જ સ્વીકારવી કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ – ૨૬થી સ્વીકારવા સંસ્થા ને જરૂરી સૂચનો કરવા? અને જો બન્ને અભ્યાસક્રમોની ફાઈલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી જ સ્વીકાવાની થતી હોય તો સંસ્થા પાસે અભ્યાસક્રમ દિઠ નિયત ફી ઉપરાંત કેટલી લેઈટ ફી લેવી તે અંગે. (છેલ્લે રૂા. ૬૦,૦૦૦/– લેઈટ ફી લેવામાં આવેલ છે.) અને કયા શૈક્ષણિક વર્ષ થી એન.ઓ.સી. આપવી તે અંગેચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ :૧૩ વાત્સલ્ય એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આર્યા નર્સિંગ કોલેજ, બી.એસસી. નર્સિંગ તેમજ પોસ્ટ બેઝિક નર્સિંગના અભ્યાસક્રમો શરૂ કરવા માંગે છે જે માટે નર્સિંગ કાઉન્સિલની મંજૂરી મેળવવાની રહે છે. સંસ્થા નર્સિંગ કાઉન્સિલની મંજૂરી મેળવવા યોગ્ય કાર્યવાહિ હાથ ધરે. કાઉન્સિલની મંજૂરી મેળવ્યા બાદ અભ્યાસક્રમ શરૂ કરી શકાશે. આ સંદર્ભે માનનીય કુલપતિશ્રી જે લેટ ફી નકકી કરેલ તે લઈ આગળની કાર્યવાહિ હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૪. તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપૂર – કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે રસાયણશાસ્ત્ર વિષયનું પી.જી. સેન્ટર શરૂ કરવા B.O.M ની

મંજૂરીની અપેક્ષાએ પૂર્વ મંજૂરી આપેલ છે તો તે અંગે મંજૂરી આપવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૧૪ **તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપૂર – કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે રસાયણશાસ્ત્ર વિષયનું પી.જી. સેન્ટર શરૂ કરવા માનનીય કુલપતિશ્રી દ્વારા આપવામાં આવેલ મંજૂરીને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૧૫. શ્રીમતિ નિરંજના પંકજ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, એકતાનગર કોર્નર, કોર્ટ રોડ, રાપર–કચ્છ દ્વારા **શ્રીમતિ નિરંજના પંકજ મહેતા મહિલા કોલેજ** નામની કોલેજ રાપર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી માત્ર મહિલાઓ માટે બી.એ. અને બી.કોમ. ના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. સંસ્થાએ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી બી.એ. અભ્યાક્રમ અન્વયે **નવો વધારાનો વિષય સમાજશાસ્ત્ર** શરૂ કરવા અત્રે નિયત નમૂનામાં જોડાણ અરજી કરેલ હતી જે નિયત ફી ઉપરાંત રૂા.૬૦,૦૦૦/– લેઈટ ફી સાથે B.O.M ની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારવામાં આવેલ છે તો તે મંજૂર કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૧૫ **શ્રીમતિ નિરંજના પંકજ મહેતા મહિલા કોલેજ , રાપર સંસ્થાએ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી બી.એ. અભ્યાક્રમ અંર્તગત નવો વધારાનો વિષય સમાજશાસ્ત્ર શરૂ કરવાની માનનીય કુલપતિશ્રી દ્વારા આપવામાં આવેલ મંજૂરીને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૧૬. ગુજરાત એજયુકેશન સોસાયટી,ગાંધીધામ –કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી ચાલતા બી.એ. અભ્યાસક્રમ અંતગર્ત સંસ્થા ગુજરાતી તથા ઈતિહાસ એમ બે નવા વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી શરૂ કરવા અત્રે નિયત નમૂનામાં અરજી કરેલ છે તો આ અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ માટે ગ્રાહય રાખવી કે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ – ૨૬ માટે તે અંગે અને જો સૂચિત વધારાના વિષય આગમી શૈક્ષણિ વર્ષ ૨૦૨૪ – ૨૫થી મંજૂરી આપવાની થતી હોય તો કેટલી લેઈટ ફી સાથે અરજી સ્વીકારવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૧૬ **ગુજરાત એજયુકેશન સોસાયટી,ગાંધીધામ –કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી ચાલતા બી.એ. અભ્યાસક્રમ અંતગર્ત સંસ્થા ગુજરાતી તથા ઈતિહાસ એમ બે નવા વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી શરૂ કરવા માટેની અરજી ગ્રાહય રાખવામાં આવે છે તથા લેટ ફી નકિક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૭. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ માટે નવા / ચાલુ / વધારાના જોડાણની સ્થાનિક તપાસ સમિતી ની નિમણૂંક કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૧૭ **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૪ અને ૨૦૨૪ – ૨૫ માટે નવા / ચાલુ / વધારાના જોડાણની સ્થાનિક તપાસ સમિતી (એલ.આઈ.સી.) બે વર્ષની સાથે યોજવી. તથા આ સમિતિના**

**સભ્યશ્રીઓની નિમણૂંક અંગેની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૮. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ – ૨૬ માટે આવેલ નવા/ વધારાના અભ્યાસક્રમ/ વિષયો માટે શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક – યજન–૧૦૨૦૦૧–૨૮– ખ.૧ પરિશિષ્ટ ૧. ૪ (અ) મુજબ નીડ કમિટીની રચના કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૧૮ **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ – ૨૬ માટે આવેલ નવા/ વધારાના અભ્યાસક્રમ/ વિષયો માટે શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક – યજન–૧૦૨૦૦૧–૨૮– ખ.૧ પરિશિષ્ટ ૧. ૪ (અ) મુજબ નીડ કમિટીની રચના કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૯. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતાં બી.એ./ બી.કોમ./ બી.એસસી./બી.બી.એ./ બી.સી.એ અભ્યાસક્રમોને એન.ઈ.પી.–૨૦૨૦ અંર્તગત બી.એસ. અભ્યાસક્રમમાં તબદીલ કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૧૯ **કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતાં બી.એ./ બી.કોમ./ બી.એસસી./બી.બી.એ./ બી.સી.એ. અભ્યાસક્રમોને એન.ઈ.પી.–૨૦૨૦ અંર્તગત બી.એસ. (બેચલર ઓફ સાયન્સ) અભ્યાસક્રમમાં તબદીલ કરવા બાબતે પુખ્ત ચર્ચા–વિચારણાના અંતે જો કોઈ સંસ્થા બી.એસ. અભ્યાસક્રમ શરૂ કરવા માંગતી હોય તો અખબારમાં જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે. આવેલ અરજી પર નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે. આ સંદર્ભે સંસ્થાઓને કરવામાં આવેલ પરિપત્ર નં. ૮૯ તા.૦૩/ ૦૪/ ૨૦૨૪ ને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૨૦. સી.બી.સી.એસ.–૨૦૧૬ પેર્ટન તથા અગાઉની જૂની પેર્ટન જો અમલમાં હોય તો કયા વર્ષ સુધી ચાલુ રાખવી તે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૨૦ **પુખ્ત વિચારણાના અંતે સી.બી.સી.એસ.–૨૦૧૬ પેર્ટન આગામી ત્રણ વર્ષ એટલે કે, માર્ચ–એપ્રિલ–મે– ૨૦૨૭ સુધી ચાલુ રહેશે અને તે પેર્ટનની પરીક્ષા લઈ શકાશે. જૂન– ૨૦૨૭ થી સી.બી.સી.એસ.–૨૦૧૬ પેર્ટન બંધ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ છે. આ સંદર્ભે યુનિવર્સિએ પોતાની વેબસાઈટ ઉપર તથા પ્રચાર માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.**

૨૧. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન ભવનો તથા કોલેજમાં નવા વોકેશનલ અભ્યાસક્રમો તથા સ્કિલ બેઈઝડ કોર્ષ અંતર્ગત સર્ટીફિકેટ, ડિપ્લોમા તથા એડવાસ ડિપ્લોમા અભ્યાસક્રમો/ કોર્ષ શરૂ કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૨૧ **કચ્છ યુનિવર્સિટી સંલગ્ન ભવનો તથા કોલેજમાં નવા વોકેશનલ અભ્યાસક્રમો તથા સ્કિલ બેઈઝડ કોર્ષ અંતર્ગત સર્ટીફિકેટ, ડિપ્લોમા તથા એડવાસ ડિપ્લોમા અભ્યાસક્રમો/ કોર્ષ શરૂ કરવા અખબારમાં જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે. આવેલ અરજી પર નિર્ણય અને આ અંગે આગળની કાર્યવાહિ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૨૨.	અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧.	તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરની તા.૦૮/૦૪/૨૦૨૪ વાળી અરજી બાબતે.

**ઠરાવ :૨૨**	**તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરને બી.કોમ. (પ્રોફેશનલ) (અંગ્રેજી માધ્યમ) કોર્ષ સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવા માટે સરકારશ્રીની તા.૧૯/૦૫/૨૦૧૭ વાળા પત્રથી સૌદ્ધાંતિક મંજૂરી મળી ગયેલ હતી પરંતુ તે સમય દરમ્યાન કોલેજે કોર્ષ શરૂ કરેલ ન હતો. તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરની તા.૦૮/૦૪/૨૦૨૪ વાળી અરજી અન્વયે બી.કોમ.(પ્રોફેશનલ) કોર્ષ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી શરૂ કરવા માંગણી કરેલ છે. ઉપરોક્ત અરજી અન્વયે કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી બી.કોમ.(પ્રોફેશનલ) કોર્ષ– એન.ઈ.પી.–૨૦૨૦ નિયમો અનુસારના અભ્યાસક્રમ મુજબ શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ યુનિવર્સિટીમાં રજૂ કરી સંબંધિત બી.ઓ.એસ.માંથી મંજૂર કરાવવાની પ્રક્રિયા તોલાણી કોમર્સ કોલેજના આચાર્યશ્રીની રહેશે તેવું વધુમાં ઠરાવવામાં આવ્યું.**

૨.	LLM સેમ–૪ ની પરીક્ષા ફી બહાલ રાખવા બાબત..

**ઠરાવ :૨૩**	**માનનીય કુલપતિશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ નીચે અનુસાર LLM સેમ–૪ ની પરીક્ષા ફી રૂા. ૮૦૦/– સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૩.	MPT (માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી) બીજા વર્ષની પરીક્ષા ફી બહાલ રાખવા બાબત..

**ઠરાવ :૨૪**	**અન્ય યુનિવર્સિટીમાં ચલાતા ઉકત અભ્યાસક્રમની પરીક્ષા ફી જાણ્યા બાદ માનનીય કુલપતિશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ MPT (માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી) બીજા વર્ષની પરીક્ષા ફી રૂા.૬૦૦૦/– સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૪.	એન.ઈ.પી.–૨૦૨૦ અનુસાર યુનિવર્સિટી ઓર્ડિનન્સમાં સુધારા/ ફેરફાર કરવા બાબત.

**ઠરાવ : ૨૫**	**નવી શિક્ષણ નિતી –એન.ઈ.પી.–૨૦૨૦ અમલમાં આવતાં તે અનુસાર અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું તથા માર્કીંગ સ્કિમ અમલમાં મુકતા તે મુજબ લેવાયેલ પરીક્ષાના પરિણામ હેતુ યુનિવર્સિટી ઓર્ડિનન્સ ૦.૧૪૦ માં કૃપા ગુણ (ગ્રેસિંગ)ના ઠરાવમાં કરવામાં આવેલ નીચે મુજબના સુધારા/ ફેરફારને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

| **Sr. No.** | **Ordinance** | **Marks of Paper** | **Maximum Grace Marks Applied** |
|---|---|---|---|
| **1** | **O.140** | **60 & above** | **10** |
| **2** | **O.140-A** | **50** | **06** |
| **3** | **O.140-B** | **25** | **04** |
| **4** | **O.140-C** | **40** | **05** |

**એન.ઈ.પી.–૨૦૨૦ અનુસારના તમામ અભ્યાસક્રમોમાં ઉપરોકત ટેબલ ક્રમાંકઃ ૨ થી ૪ જે લાગુ પડે તે અનુસાર ઓર્ડિનન્સની અમલવારી કરવાની રહેશે.**

૫. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ હસ્તક ચાલતા એમ.બી.એ.(ઈન્ટીગ્રેટેડ) અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી AICTE તથા NEP-2020 ની ગાઈડ લાઈન અનુસાર ૫ વર્ષ માંથી ૪ વર્ષના અભ્યાસક્રમમાં ફેરવવા માટેની તા.૨૧/૦૩/૨૦૨૪નો પત્ર

ઠરાવ :૨૬ **ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ હસ્તક ચાલતા ૫(પાંચ) વર્ષના એમ.બી.એ.(ઈન્ટીગ્રેટેડ) પ્રોગ્રામ/ અભ્યાસક્રમને AICTE તથા NEP-2020 ની ગાઈડ લાઈન અનુસાર ૫(પાંચ)વર્ષ માંથી ઘટાડી ૪(ચાર) વર્ષનો કરવામાં આવેલ છે. તો તે મુજબ કાર્યવાહિ હાથ ધરવાની તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫થી એમ.બી.એ.(ઈન્ટીગ્રેટેડ) ૪(ચાર) વર્ષનો પ્રોગ્રામ/ અભ્યાસક્રમ શરૂ કરવા સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.તેવી જ રીતે કોમ્પ્યુટર સાયન્સ હસ્તક ચાલતાં M.Sc. (CA & IT) (Inti) અભ્યાસક્રમને પણ જો AICTE તથા NEP-2020 ની ગાઈડ લાઈન અનુસાર ૫ (પાંચ) વર્ષ માંથી ઘટાડી ૪ (ચાર)વર્ષનો નિયમ લાગુ પડતો હોય તો તે જાણી આ પ્રોગ્રામ/ અભ્યાસક્રમ પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫થી ૪ (ચાર)વર્ષનો કરવાનું ઠરાવવામાં આવે છે.**

૬. લાયબ્રેરી સમિતિની રચના કરવા બાબત.

ઠરાવ :૨૭ **લાયબ્રેરીમાં ૨૦૧૭ બાદ કોઈ પુસ્તકો ખરિદવામાં કે વસાવવામાં આવેલ નથી. લાયબ્રેરીને સમૃદ્ધ બનાવવા માટે નવી લાયબ્રેરી સમિતિ રચી કાર્ય આગળ વધારવાનું તથા સમિતિ બનાવવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**વધુમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાયબ્રેરીનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા ઉભી કરવા સૂચન કરવામાં આવેલ.**

૭. પીએચ.ડી. થિસીસના પ્લેગ્યારીઝમ બાબતે

ઠરાવ :૨૮ **યુનિવર્સિટીમાં રજૂ થતાં પીએચ.ડી. થિસીસના પ્લેગ્યારીઝમ (Plagiarism) સંદર્ભે UGC (Promotion of Academic Integrity and Prevention of Plagiarism in Higher Educational Institutions) Regulations, 2018 તા.૨૩/૦૭/૨૦૧૮ થી લાગુ થયેલ નોટીફિકેશન અન્વયે કાર્યવાહિ કરવાનું તથા બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૮. ભારતીય જ્ઞાન પ્રણાલીના મ્યુઝિયમ કમ શોધ કેન્દ્ર બાબતે

ઠરાવ :૨૯ **ડૉ. કનિષ શાહ અને શ્રી ચિંતન રાવલે આપેલ ડીટેઈલ પ્લાન રીપોર્ટ સંદર્ભે ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) ના મ્યુઝિયમ કમ શોધ કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે છે અને આ મ્યુઝિયમ પરીક્ષાના નવા બિલ્ડીગના પાછળના હોલમાં શરૂ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૯. PM-USHA ની કચ્છ યુનિવર્સિટીને મળેલ ગ્રાન્ટ બાબત

ઠરાવ :૩૦ **PM-USHA ગ્રાન્ટસ યોજના હેઠળ કચ્છ યુનિવર્સિટીને રૂા. ૨૦ કરોડની ગ્રાન્ટ મળેલ છે. જે અન્વયે યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલ ડીટેઈલ્ડ પ્લાન રીપોર્ટની રજૂઆત સૌ ઉપસ્થિત સભ્યશ્રીઓ સમક્ષ કરવામાં આવી. આ રજૂ થયેલ DPR ને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે**

અને તેમાં જરૂરિયાત અનુસાર ફેરફાર કરવાની તથા તેને અમલમાં લાવવાની સંપૂર્ણ જવાબદારી માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૧૦. VAC\ SEC\ AEC કોર્ષની ફી બાબતે

ઠરાવ :૩૧ આ અગાઉ ફાઉન્ડેશન કોર્ષ ચાલતો જેની ફી અલગથી કોલેજ દ્વારા લેવામાં આવતી હતી પરંતુ હવે અને.ઈ.પી.–૨૦૨૦ હેઠળ ફાઉન્ડેશન કોર્ષ બંધ થયેલ છે. અને **VAC\ SEC\ AEC** નો એન.ઈ.પી. અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પરિણામે **VAC\ SEC\ AEC** એ અભ્યાસક્રમનો જ ભાગ હોઈ તેની અલગથી કોઈ પણ પ્રકારની ફી લેવાની રહેતી નથી. જેની જાણ કોલેજોને કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૧૧. ડૉ. અનીલ એચ. ગોર, કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટીના પગાર બાબત.

ઠરાવ :૩૨ ડૉ. અનીલ એચ. ગોર, કુલસચિવશ્રી લિયન ઉપર હોય તેઓશ્રીનો પગાર તેમની મૂળ સંસ્થામાં એટલે કે, આર.આર. લાલન કોલેજ,ભૂજમાં પડે અને કુલસચિવની જગ્યાએ તેઓશ્રીના એસોસીયેટ પ્રોફેસરના હોદા કરતાં ઉપરના કેડરની જગ્યા હોઈ સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ કચ્છ યુનિવર્સિટી ખાતે પાડવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

૧૨. ચીફ એકાઉન્ટ ઓફિસરની જગ્યા પર ડેપ્યુટેશન પર અધિકારીની નિયુકિત બાબતે

ઠરાવ :૩૩ ચીફ એકાઉન્ટ ઓફિસરની, કચ્છ યુનિવર્સિટીની કાયમી જગ્યા ન ભરાય ત્યાં સુધી નાણાં વિભાગ, ગાંધીનગર પાસેથી ડેપ્યુટેશન ઉપર વ્યકિત માંગીએ. ઉકત બાબતે નાણાં વિભાગને રજૂઆત કરવા તથા પત્રવ્યવહાર કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ